# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં. ૧૦૩ (A) તા.૧૫-૧૧-૧૭**

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય : **એજ્યુકેશન ઈનોવેશન ઓનલાઈન ફોર્મ ભરવા બાબત.**

સંદર્ભ : **જશભ/તલમ/૨૦૧૭/૩૧૧૪-૨૪ તા.૧૪/૧૧/૨૦૧૭.**

આથી મ્યુનિ.શાળાના તમામ મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓ અને માધ્યમિક શાળાના શિક્ષકો તેમજ પ્રશિક્ષણ સંસ્થાઓમાં ઈનોવેશનને પ્રોત્સાહિત કરવા અને પ્રસાર માટે તથા શૈક્ષણિક ગુણવત્તા સુધારવા માટે ચાલુ વર્ષે ૨૦૧૭-૧૮ માં જિલ્લા અને મહાનગરપાલિકા તેમજ રાજ્ય કક્ષાએ એજ્યુકેશન ઈનોવેશન ફેરનું આયોજન કરવાનું થાય છે.

ઈનોવેટીવ શિક્ષકોએ પોતાનુ ઈનોવેશન ગુગલક્રોમ લીંક https://goo.gl//froms/E6mnooxLe4QCmYy1 પર અથવા જીસીઈઆરટીની વેબસાઈટ પર આપેલ લીંકમાં તા.૨૧/૧૧/૨૦૧૭ સુધીમાં સબમીટ કરવાનું રહેશે.શાળામાંથી વધુને વધુ શિક્ષકો એજ્યુકેશન ઈનોવેશન સબમીટ કરે તે અપેક્ષિત છે.

તા.૧૫-૧૧-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં. ૧૦૩ (B) તા.૧૫-૧૧-૧૭**

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી તમામ મ્યુનિ.પ્રાથમિક તથા ઉચ્ચતર પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત અમદાવાદ શહેરની દર વર્ષની જેમ ચાલુ વર્ષે ૨૦૧૭-૧૮ માટે ડાયસ ફોર્મમાં માહિતી મેળવવાની કામગીરી 30- સપ્ટેમ્બર ૨૦૧૭ની સ્થિતીએ કરવાની થાય છે જેમાં ધોરણ -૧ થી ૧૨ ધરાવતી તમામ શાળાઓની માહિતી ડાયસ અંતર્ગત મેળવવામાં આવે છે.

સર્વ શિક્ષા અભિયાન તેમજ રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન યોજના અન્વયે જિલ્લા કક્ષા તેમજ રાજ્ય કક્ષાએ પ્રાથમિક,ઉચ્ચતર પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્તરના શૈક્ષણિક આયોજન માટે તૈયાર કરવામાં આવતા વાર્ષિક અંદાજપત્રમાં તથા શૈક્ષણિક નીતિ આયોજન તેમજ શિક્ષણને લગતા નીતિ વિષયક નિર્ણયો લેવામાં રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ ડાયસની માહિતીને આધારભૂત ગણી તેનો ઉપયોગ કરવામાં આવે છે.

શિક્ષણનો અધિકાર અધિનિયમન -૨૦૦૯ ની કલમ -૧૨ (3) તથા ગુજરાત રાઈટ ટુ એજ્યુકેશન રૂલ્સ ૨૦૧૨ માં નિયમ -3 (૧)(જ)(ઝ) અને તે સાથેના પરિશિષ્ટ-૨ ના નમુના -૨ ની શરતોની શરત -૧૦ અને ૧૭ અનુસાર દરેક શાળાઓને આ માહિતી આપવી ફરજિયાત છે.આ અંગે ઉપરોક્ત તમામ શાળાઓની નોંધણી ડાયસ અંતર્ગત થવી જરૂરી છે.

**<u>તમામ શાળાઓએ નીચેની બાબતોને ધ્યાનમાં રાખી વર્ષ ૨૦૧૭-૧૮ ના ડાયસ ફોર્મ સબમીટ કરવાના રહેશે.</u>**

૧. શાળાઓ કોઈપણ સંચાલન જેમકે સરકારી,આશ્રમ શાળા,ખાનગી નોન ગ્રાન્ટેડ,ખાનગી ગ્રાન્ટેડ,કેન્દ્ર સરકાર,આર્મી શાળા,સેન્ટ્રલ વિદ્યાલય,જવાહર નવોદય વિદ્યાલય,રેલ્વે સંચાલીત,સૈનિક શાળાઓ,કેન્દ્રિય તિબેટન શાળાઓ,સામાજિક કલ્યાણ વિભાગની શાળાઓ,મોડેલ શાળાઓ(કેન્દ્ર સરકાર),મોડેલ ડે શાળાઓ(રાજ્ય સરકાર) દ્વારા સંચાલિત હોય તેવી તમામ શાળાઓ ફરજિયાત ડાયસ ફોર્મમાં માહિતી 30 નવેમ્બેર,૨૦૧૭ સુધીમાં સબમીટ કરવાના રહેશે.

૨. તમામ શાળાઓએ ડાયસ ફોર્મમાં શાળાકીય માહીતી, શાળાની ભોતિક સુવિધાઓ અને સાધનોની માહીતી, શિક્ષકો અને ઈન્સ્ટ્રક્ટરની માહિતી (મુખ્ય શિક્ષક સહિત),નવુ નામાંકન ધોરણ-૧ ની માહિતી, (ઇ)-ચાલુ શૈક્ષણિક વર્ષનું નામાંકન (સામાજિક જાતિ પ્રમાણે),(એફ)-ચાલુ શૈક્ષણિક સત્રમાં ધોરણવાર નામાંકન (ઉમર પ્રમાણે) તથા (જી)-મીડીયમ પ્રમાણે નામાંકન (તમામ) તમામ માહીતી,વિશિષ્ટ જરુરીયાત ધરાવતા (C.W.S.N) બાળકોની માહિતી.

3. શિક્ષકો અને ઈન્સ્ટ્રક્ટરની માહિતીમાં શિક્ષકોને આધારકાર્ડ તથા શિક્ષકોના મોબાઈલ નંબરની માહિતી ફરજિયાત આપવાની રહેશે.અન્યથા જે શિક્ષકોનો આધારકાર્ડ ,મોબાઈલ નંબરની માહિતી આપવામાં આવેલ નહી હોય તે શિક્ષકોની જે તે શાળામાં એન્ટ્રી કરવામાં આવશે નહી.

. પ્રવાસી શિક્ષકોની માહિતી દર્શાવવી નહી.

૪. આપની શાળાનું ડાયસ ફોર્મમાં ધોરણની વિગત આપની શાળાએ આધાર ડાયસમાં કરેલ ધોરણ વાર બાળકોની એન્ટ્રી મુજબ દર્શાવવાની રહેશે.

૫. આપની શાળાનું ડાયસ ફોર્મમાં પત્રકમાં(ઇ)-ચાલુ શૈક્ષણિક વર્ષનું નામાંકન (સામાજિક જાતિ પ્રમાણે),(એફ)-ચાલુ શૈક્ષણિક સત્રમાં ધોરણવાર નામાંકન (ઉમર પ્રમાણે) તથા (જી)-મીડીયમ પ્રમાણે નામાંકન (તમામ) આપની શાળાએ આધાર ડાયસમાં કરેલ બાળકોની એન્ટ્રી મુજબ પ્રિ-પ્રિન્ટેડ આપેલ છે જેમાં આપની શાળાઓનું નામાંકનમાં ફેરફાર હોય તો શાળાએ લાલ પેનથી ફેરફાર કરવું તથા કરેલ ફેરફાર કુલ નામાંકનની આધાર ડાયસમાં તે મુજબ બાળકોની એન્ટ્રીની જવાબદારી મુખ્ય શિક્ષકશ્રીઓની રહેશે.

૬. આપની શાળાનું ડાયસ ફોર્મમાં પત્રક માં (ઇ)-ચાલુ શૈક્ષણિક વર્ષનું નામાંકન (સામાજિક જાતિ પ્રમાણે),(એફ)-ચાલુ શૈક્ષણિક સત્રમાં ધોરણવાર નામાંકન (ઉમર પ્રમાણે) તથા (જી)-મીડીયમ પ્રમાણે નામાંકન (તમામ) ,ઇ,એફ તથા જી કોલમ ના કુલ નામાંકન સંખ્યા સરખી હોવી જરૂરી છે.

૭. ડાયસ ફોર્મમાં એ –(૨) શાળાનું વિવરણમાં એસ.એમ.સી તથા એસ.એમ.ડી.સીના સભ્યની સંખ્યાની વિગતો તથા એસ.એમ.સી / એસ.એમ.ડી.સી બેંકનુ નામ, શાખાનું નામ , ખાતાનું નામ , ખાતા નં તથા આઇ.એફ.એસ.સી કોડ વિગતો ફરજિયાત આપવાની રહેશે.

૮. શાળાનું સ્થાપના વર્ષ બાદ જ શાળા માન્યતા વર્ષ અને ત્યારબાદ શાળાનું અપગ્રડેશન વર્ષ દર્શાવવાનુ રહેશે.

૯. ડાયસ ફોર્મમાં ક્રમ નં ૧૮ માં ધોરણદીઠ વિભાગ / વર્ગની સંખ્યા દર્શાવવી.

આપની શાળાનું ચાલુ વર્ષનું ડાયસ ફોર્મ તા.૩૦/૧૧/૨૦૧૭ પહેલા આપના સીઆરસી કો-ઓર્ડિનેટરને બિનચૂક જમા કરાવવું.

તા.૧૫-૧૧-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી